सत्यमेव जयते

NIPUN BHARAT

પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન


ક્રમાંક : જીસીઇઆરટી/2025 15810 - 5928

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,

'વિદ્યાભવન', સેક્ટર-12, ગાંધીનગર

ફોન : (079) 23256813-39

નિયામક : (079) 23256808

સચિવ : (079) 23256813

e-mail : director.gcert@gujarat.gov.in

Web : www.gcert.gujarat.gov.in


તારીખ: 21/02/2025

પ્રતિ,

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ, ગુજરાત

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ, ગુજરાત

શાસનાધિકારીશ્રી, તમામ, ગુજરાત

પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ, ગુજરાત

**વિષય:-** બાલવાટિકા થી ધોરણ 2માં FLN અંતર્ગત યોજાનાર શૈક્ષણિક સર્વેક્ષણ બાબતે

**સંદર્ભ:-** 1. જીસીઇઆરટી, ગાંધીનગરની સિંગલ ફાઇલ 12/2022 તા. 11/05/2022

2. તા. 15-02-2025ની શાખા નોંધ પર માન. નિયામકશ્રીના આદેશાનુસાર

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 અંતર્ગત પાયારૂપ વાચન-લેખન-ગણન કૌશલ્યોના વિકાસ માટે ભારત સરકાર દ્વારા નિપુણ ભારત અભિયાન અમલીકૃત છે, જે અંતર્ગત પૂર્વ પ્રાથમિકનાં ત્રણ વર્ષ અને ધોરણ 1 અને 2નાં સમયગાળા દરમિયાન બાળકોમાં પાયાગત વાચન-લેખન-ગણન કૌશલ્યો કેળવવા માટે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે. પાંચમી જુલાઈ, 2021ના રોજ નિપુણ ભારત મિશનની રાષ્ટ્રવ્યાપી શરૂઆત કરવામાં આવી છે. આ અભિયાન વર્ષ 2026-27 સુધી NEP-2020 અનુસંધાને અમલી રહેનાર છે.

ભારત સરકાર દ્વારા આ મિશનનું નિયમિત રીતે મોનીટરીંગ કરવામાં આવે છે. ગત વર્ષે શૈક્ષણિક સર્વેક્ષણની કામગીરી આપણા રાજ્યમાં હાથ ધરવામાં આવેલ હતી. આ પ્રકારનું મૂલ્યાંકન ચાલુ વર્ષે કરીએ તો શિક્ષક અને વિદ્યાર્થીઓમાં આ અંગે જાગૃતિ આવે અને બાળકો કક્ષા મુજબની અધ્યયન નિષ્પત્તિ સિધ્ધ કરી શકે તેમજ આ સારુ જરૂરી ઉપચારાત્મક કાર્ય કરી શકાય. ચાલુ વર્ષે પણ આવો શૈક્ષણિક સર્વે હાથ ધરવામાં આવનાર છે.

જે સંદર્ભે બાલવાટિકા થી ધોરણ 2ના વિદ્યાર્થીઓની નિપુણ ભારતની માર્ગદર્શિકામાં સમાવિષ્ટ વિકાસાત્મક ધ્યેય- 1- EC- 'બાળક અસરકારક પ્રત્યાયનકાર બને' (ભાષા) તેમજ વિકાસાત્મક ધ્યેય- 3- IL- 'બાળકો જાતે શીખે અને પોતાના નજીકના પર્યાવરણ સાથે જોડાય'

(ગણિત) અંતર્ગત શૈક્ષણિક સ્થિતિ/સિદ્ધિના મૂલ્યાંકનની કામગીરી કરવાની રહેશે. જે માટે નીચે મુજબની બાબતોને ધ્યાને લેવાની રહેશે.

- આ સર્વેક્ષણ 03 માર્ચ 2025 થી 21 માર્ચ 2025 દરમિયાન હાથ ધરવાનો રહેશે. જેમાં રાજ્યની તમામ છ માધ્યમની (ગુજરાતી, અંગ્રેજી, હિન્દી, ઉર્દૂ, મરાઠી અને ઉડિયા) અને તમામ પ્રકારની (સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર) શાળાઓમાં હાથ ધરવાનો રહેશે.
- સદર સર્વેક્ષણ બાલવાટિકા થી ધોરણ ૨માં હાથ ધરવાનું રહેશે. સદર સર્વેક્ષણ માટે માટે કક્ષા પ્રમાણેની અધ્યયન નિષ્પત્તિઓને ધ્યાનમાં રાખીને જીસીઇઆરટી, ગાંધીનગર દ્વારા તૈયાર કરાયેલ મૂલ્યાંકન ઉપકરણનો ઉપયોગ કરવાનો રહેશે.
- બાલવાટિકા થી ધોરણ ૨ના તમામ વિદ્યાર્થીઓનું સર્વેક્ષણ થનાર હોઈ, મૂલ્યાંકન અંતર્ગત મળતી માહિતીની ડેટા એન્ટ્રી 'વિદ્યા સમીક્ષા કેન્દ્ર' દ્વારા તૈયાર કરેલ અપ્લીકેશન મારફતે કરાવવાની રહેશે. જેની સૂચના 'વિદ્યા સમીક્ષા કેન્દ્ર' દ્વારા આપવામાં આવશે.
- જીસીઇઆરટી, ગાંધીનગર દ્વારા તૈયાર થયેલ ઉપકરણ રાજ્યના તમામ ડાયેટ દ્વારા તેમના જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારી મારફતે શાળાઓ સુધી સોફ્ટ કોપી- ઇમેઇલમાં ઉપલબ્ધ કરાવવાના રહેશે.
- ડાયટ વ્યાખ્યાતા પોતાના લાયઝન તાલુકામાં તા. 01 માર્ચ, 2025 ના રોજ તાલુકા કક્ષાએ બી.આર.સી.કો, તેમજ સી.આર.સી.કો.ને આ શૈક્ષણિક સર્વે તેમજ તેની પ્રક્રિયાથી માહિતગાર કરવાના રહેશે.
- તા. 01 માર્ચ, 2025ના રોજ જિલ્લા કક્ષાએથી ઉપકરણ શાળાઓને સોફ્ટ કોપીમાં ઉપલબ્ધ કરાવવાના રહેશે.
- આ સર્વે તા. તા. 03 માર્ચ 2025 થી 21 માર્ચ 2025ના સુધીમાં પૂર્ણ કરવાનો રહેશે તેમજ આ સર્વેની ડેટા એન્ટ્રી તા. 31 માર્ચ, 2025ના સુધીમાં પૂર્ણ કરવાની રહેશે.
- ડેટા એન્ટ્રી કરવા માટેની પ્રક્રિયાની સૂચના વિદ્યા સમીક્ષા કેન્દ્ર દ્વારા આપવામાં આવશે.
- સ્થાનિક પરિસ્થિતિ ધ્યાને લઈને આ સર્વે નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.
- આ સર્વેમાં નબળી શૈક્ષણિક સિધ્ધિ/સ્થિતિ ધરાવનાર બાળકોને સમયદાન આપી યોગ્ય શૈક્ષણિક ઉપચારાત્મક કાર્ય કરાવવાનું રહેશે. ઉપચારાત્મક કાર્ય બાદ આ બાળકોની શૈક્ષણિક સિધ્ધિ/સ્થિતિ ચકાસવા માટે ટૂંક સમયમાં અન્ય શૈક્ષણિક સર્વે હાથ ધરવામાં આવશે.
- સ્થાનિક પરિસ્થિતિ ધ્યાને લઈને આ સર્વે નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવાનો રહેશે.

- આ સર્વેમાં નબળી શૈક્ષણિક સિધ્ધિ/સ્થિતિ ધરાવનાર બાળકોને વિષય શિક્ષકે સમયદાન આપી યોગ્ય શૈક્ષણિક ઉપચારાત્મક કાર્ય કરાવવાનું રહેશે.
- ઉપચારાત્મક કાર્ય બાદ આ બાળકોની શૈક્ષણિક સિધ્ધિ/સ્થિતિ ચકાસવા માટે ટૂંક સમયમાં અન્ય શૈક્ષણિક સર્વે હાથ ધરવામાં આવશે.
- જીસીઇઆરટી, ગાંધીનગર દ્વારા તૈયાર થયેલ ઉપકરણ, વાંચન ઝડપ માટેની એપ્લિકેશનની તેમજ સમગ્ર શૈક્ષણિક સર્વેક્ષણની એકસરખી સમજ મળી રહે તે હેતુથી તૈયાર કરાયેલ વીડિયોનું તા. **28/02/2025 ના રોજ 16.00 કલાકે** બાયસેગથી **પ્રસારણ કરવામાં આવશે. જે આપના જિલ્લાના તમામ ડાયેટ ફેકલ્ટી, સીઆરસી, બીઆરસી તેમજ બાલવાટિકાથી ધોરણ 2ના તમામ શિક્ષકો** નિહાળવા તે સારુ જરૂરી સૂચના આપવા આથી આપને જણાવવામાં આવે છે.

ઉપરોક્ત બાબતે નિયમાનુસાર યોગ્ય કાર્યવાહી કરવા આથી આપને જણાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (શ્રી પી. કે. ત્રિવેદી) | (ડૉ. એમ.આઇ.જોષી) | (શ્રી જે. રંજીથકુમાર, IAS) |
| નિયામક | નિયામક | સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર |
| જીસીઇઆરટી | પ્રાથમિક શિક્ષણ | સમગ્ર શિક્ષા, |
| ગાંધીનગર | ગાંધીનગર | ગાંધીનગર |

- **નકલ રવાના :**
  - અંગત મદદનીશ, નિયામક, પ્રાથમિક શિક્ષણ, ગાંધીનગર
  - અંગત મદદનીશ, સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, જીસીઈઆરટી, ગાંધીનગર
  - કન્વીનર, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ગાંધીનગર (શૈક્ષણિક સર્વેક્ષણની ડેટા એન્ટ્રીની માટેની પ્રક્રિયાની સૂચના આપવા સારુ)